# ડીસાના કુપટ ખાતે શીતળા સાતમનો મેળો સંપન્ન

ડીસા

ભારતીય સંસ્કૃતિમાં તહેવારોની ઉજવણીનું આગવું મહાત્મ્ય છે ત્યારે ગત ગુરુવારે શીતળા સાતમ પર્વની પણ પરંપરાગત રીતે ઉત્સાહભેર ઉજવણી કરાઈ હતી. ફાગણ મહિનામાં ઉજવાતા શીતળા સાતમની ઉજવણી મહદ અંશે રાજસ્થાનને અડીને આવેલા બનાસકાંઠા જિલ્લામાં જ થાય છે. આ પર્વની ઉજવણી પ્રસંગે વિવિધ સ્થળે લોકમેળા પણ યોજાય છે. તદઅનુસાર, ડીસા તાલુકાના કુપટ ગામમાં બિરાજમાન શીતળા માતાના પ્રાચીન મંદિરે પણ ગુરુવારે શીતળા સાતમનો ભવ્ય ભાતીગળ લોકમેળો ઉત્સાહ અને ભક્તિભાવભર્યા માહોલમાં સંપન્ન થયો હતો. વર્ષોથી યોજાતા આ મેળામાં ગ્રામ્ય સંસ્કૃતિના દર્શન થયા હતા. આમ તો શીતળા સાતમ વર્ષમાં બે વાર આવે છે.. એક શીતળા સાતમ શ્રાવણ માસના વદ પક્ષમાં ઉજવાય છે.જ્યારે બીજી શીતળા સાતમ ફાગણ વદ સાતમના દિવસે ઉજવાય છે.



ત્યારે ગુરુવારે ડીસા પંથકમાં શીતળા સાતમ પર્વની ઉજવણી કરાઈ હતી. મારવાડી સમાજમાં ફાગણ માસમાં આવતી શીતળા સાતમનું ખુબ મહત્વ છે. શીતળા સાતમ પ્રસંગે ડીસા નજીક આવેલા કુપટ ગામના પ્રાચીન શીતળા માતાના મંદિરે પણ ભાતીગળ લોકમેળો યોજાયો હતો. કુપટ ગામમાં વર્ષોથી યોજાતા શીતળા સાતમના મેળામાં આ વર્ષે પણ મોટી સંખ્યામાં ભાવિકો ઉમટી પડ્યા હતા.

આ લોકમેળામાં ડીસા સહીત આસપાસના ૫૦ હજારથી વધુ ભાવિકોએ ભાગ લઈ શીતળા માતાના દર્શન કરવા સાથે મેળાની પણ મજા માણી હતી. શીતળા માતાના મંદિરે મીઠું ધરાવવાની માન્યતા પણ ખુબ જ પ્રચલિત છે.. વર્ષો પહેલા શીતળા સાતમની ઉજવણી ડીસામાં પણ અનોખા અંદાજમાં થતી હતી... શીતળા સાતમના એક દિવસ અગાઉ રાંધણ છટ્ઠના દિવસે લોકો બે દિવસની રસોઈ બનાવી લઈ શીતળા સાતમના દિવસે ચૂલા ઠંડા રાખી કૂપટના મેળામાં જતા હતા. મેળામાં પહોચ્યા બાદ શીતળા સાતમના દર્શન કરીને લોકો પીકનીક સ્વરૂપે વન ભોજનનો આનંદ માણતા હતા. વર્ષોથી યોજાતા આ ભવ્ય લોકમેળાનો મહિમા આજે પણ અકબંધ જળવાઈ રહ્યો છે. કુપટ ખાતે યોજાયેલા શીતળા સાતમના મેળામાં ઉમટી પડેલા ભાવિકો માટે મેળાના આયોજકો અને ગ્રામજનો દ્વારા પણ સુંદર વ્યવસ્થા ગોઠવાઈ હતી.

### લોધા સમાજ માટે કૂપટના મેળાનું આગવું મહાત્મ્ય

બનાસકાંઠાના ડીસા સહિત ગુજરાતના અન્ય વિસ્તારોમાં વસતો લોધા સમાજ ઉત્તરપ્રદેશથી આવેલો છે જેથી દરેક પરિવારો વતન ઉત્તરપ્રદેશ જઈ શક્તા નથી.જોકે ડીસાના કુપટ ગામે યોજાતો શીતળા સાતમનો મેળો લોધા સમાજને મૂળ વતન જેવો અહેસાસ કરાવે છે. શીતળા સાતમના દિવસે ગુજરાતભરમાં વસતા લોધા પરિવારો કુપટ ગામે ઉમટી પડે છે અને બનાસ નદીના પટમાં જ સમાજના સ્નેહમિલનની મજા માણે છે.આ સ્નેહમિલનમાં સમાજના ઉત્કર્ષ માટે ચિંતન કરવા સાથે સમાજના લગ્નોત્સુક યુવક યુવતિઓની સગાઈ માટે પણ આ સ્નેહમિલન મજબૂત પ્લેટફોર્મ પૂરું પાડે છે.

# પાલનપુરમાં ખંડણી ન આપતાં વેપારી પર ચપ્પાથી હૂમલો

પાલનપુરના ઢાળવાસ વિસ્તારમાં ખંડણીની માંગ સાથે પાંચ જેટલા શખ્સોએ એક વેપારી ઉપર ચપ્પાથી હૂમલો કરતાં ભારે દોડધામ મચી જવા પામી હતી. ઈજાગ્રસ્ત વેપારીને પાલનપુર સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો.

પાલનપુરમાં શહેરના ઢાળવાસ વિસ્તારમાં લેડીઝ કપડાની દુકાન ધરાવતા ૨૪ વર્ષીય અબુસુફિયાન નાગોરી દુકાનમાં હતા. ત્યારે એકટિવા લઈને આવેલા શખ્સોએ તેમની પાસેથી રૂપિયા ૫૦૦૦ની ખંડણી માંગી હતી. જે નાણાં આપવાની ના પાડતાં ઉશકેરાયેલા શખ્સોએ તેમની ઉપર ચપ્પાથી હૂમલો કરી હાથના ભાગે ઈજાઓ પહોચાડી હતી. ઘટનાને પગલે ભારે દોડધામ મચી જવા પામી હતી. દરમિયાન હૂમલાખોરો નાસી ગયા હતા. જ્યાં દોડી આવેલા વેપારીના પરિવારજનોએ તેને પાલનપુર સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડ્યો હતો.

# થરા પોલીસ સ્ટેશનની હદમાંથી વિદેશી દારૂ ઝડપાયો

થરા, તા. ૯

બનાસકાંઠા જિલ્લા પોલીસ અધિક્ષક નિરજકુમાર બડગુજરે જિલ્લામાં દારૂ જુગારની પ્રવૃત્તિ નેસ નાબુદ થાય તે અંગે કડક



અમલવારી કરવા સુચના આપવામાં આવી છે. પરંતુ થરા પોલીસ સ્ટેશનની હદમાંથી આર.આર.સેલ દ્વારા ૪૫૮૩ બોટલો કુલ નંગ તેમજ ૭,૯૬,૪૦૦ કુલ રકમનો દારૂ પકડી પાડતા થરા પીએસઆઈનો પર્દાફાશ કર્યો હોય એવુ લાગી રહ્યું છે.

પોલીસ મહાનિરીક્ષક પિયુષ પટેલે બોર્ડર રેન્જ કચ્છ-ભુજનાઓની સુચના મુજબ અને માર્ગદર્શન સાથે એ.એસ.આઈ. ખુમાજી તથા એએસઆઈ સંતોષસિંહ તથા અ.હેડ.કો. યશવંતસિંહનાઓને બનાસકાંઠા જિલ્લાના થરા વિસ્તારમાં પ્રોહી જુગારની ગુનાહીત પ્રવૃત્તિ શોધી કાઢવા સારૂ પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન સાથેના યશવંતસિંહને મળેલી બાતમી આધારે નાકાબંધી કરતા દૂધનું ટેન્કર નંબર આર.જે.૩૯,જી.એ.૦૦૨૯નો ચાલક ભજનલાલ કીશનારામ વિશ્નોઈ રહે. ભીમગુડા, તા. ચીતવાળ, જી. જાલોદ, રાજસ્થાન વાળાએ પોતાની પાસેના દૂધના ટેન્કરમાં ગે.કા. વગરપાસ પરમીટની વિદેશી દારૂની જુદી જુદી બ્રાન્ડની બોટલો કુલ નંગ ૩૫૮૩ જેની કુલ કિંમત ૭,૯૬,૪૦૦ તથા ટેન્કરની કુલ કિં. ૧૦ લાખ તથા મોબાઈલ નં. ૧ કિ.રૂ. ૨ હજાર જે કુલ મળી કિ. ૧૭,૯૮,૪૦૦ના મુદ્દામાલની હેરાફેરી કરી કરાવતા પ્રોહી નાકાબંધી દરમ્યાન પકડી જે બાબતે થરા પો.સ્ટે. કાયદેસરની કાર્યવાહી કરેલ છે. જ્યારે થરા પોલીસનો પર્દાફાશ થઈ રહ્યો હોય તેમ જણાઈ રહ્યુ છે.

# પાલનપુર નારી સંરક્ષણ ગૃહમાં યુવતીએ જીવન ટૂંકાવવાનો કર્યો પ્રયાસ

પાલનપુર નારી સંરક્ષણ ગૃહમાં રહેલી એક ૨૭ વર્ષીય યુવતીએ જીવનલીલા સંકેલી લેવાનો પ્રયાસ કર્યો હતો. અગમ્ય કારણોસર ફિનાઈલ પી લેનાર પીડિત યુવતીને સારવાર અર્થે પાલનપુર સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી.

પાલનપુર નારી સંરક્ષણ ગૃહમાં રહેલી ૨૭ વર્ષીય યુવતી ઉષાબેન ભીખાભાઈ આકેડીવાળાએ કોઈ અગમ્યકારણોસર ફિનાઈલ પી લીધુ હતુ. યુવતીએ જીવન ટૂંકાવવાના કરેલા પ્રયાસ અંગેની જાણ સ્ટાફને થતાં તેણીને તાત્કાલિક પાલનપુર સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવી હતી.

જ્યાં ફરજ ઉપરના તબીબે તાત્કાલિક સારવાર હાથ ધરી હતી. આ અંગે સુત્રોએ જણાવ્યું હતુ કે, પ્રેમ પ્રકરણના કિસ્સામાં આ યુવતીને નારી સંરક્ષણ ગૃહમાં રાખવામાં આવી હતી. તેણીના આ પગલાને કારણે ચકચાર મચી જવા પામી હતી.

# ધનસુરાના બુટાલ ગામે ખુલ્લેઆમ દારૂનું વેચાણ

ગાંધીજીના ગુજરાતમા દારૂ વેચવા અને પીવા પર પ્રતિબંધ હોવા છતાં કેટલીક જગ્યાએ દારૂના અડ્ડાઓ ધમધમી રહ્યા છે. ધનસુરાના બુટાલ ગામે અને જનતાનગરમાં ખુલ્લેઆમ દારૂ વેચાઈ રહ્યો છે. જનતાની દારૂના અડ્ડાઓ બંધ કરાવવા માંગ. દારૂથી યુવાધન બરબાદ થાય છે. એવામાં આ દારૂના આ અડ્ડાઓ બંધ થાય એવી લોકોની માગણી છે. લોકોમા પ્રશ્ન ચર્ચાઈ રહ્યો છે કે આ દારૂ વેચાય છે એ શું પોલીસને ખબર નહી હોય ? દારૂથી માણસ આર્થિક અને શારિરીક રીતે બરબાદ થઈ જાય છે. અને યુવાનોને જો દારૂની લત લાગી જાય તો યુવાધન પણ બરબાદ થઈ જાય છે. ત્યારે ધનસુરા તાલુકાના બુટાલ ગામે અને ધનસુરાના જનતાનગરમાં દારૂનું વેચાણ બંધ થાય એવી લોકમાગણી છે. દારૂબંધી માટે ગુજરાતમાં અલગ અલગ જગ્યાએ આંદોલન પણ થયા છે. છતાં આ દારૂ વેચાઈ રહ્યો છે. દારૂ પીને અકસ્માત, મારપીટ જેવા ગણા કિસ્સાઓ પણ થતા હોય છે. એવામાં ધનસુરા તાલુકામાં આ દારૂના અડ્ડાઓ ધમધમી રહ્યા છે. એ અડ્ડાઓ બંધ થાય એવી લોકોની માંગણી છે.

# કાંકરેજ તાલુકાના મુખ્ય મથક શિહોરી ખાતે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી

કાંકરેજ, તા. ૯

૮ માર્ચ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ તરીકે મનાવવામાં આવ્યો. જેમાં કાંકરેજ તાલુકાના મુખ્ય મથક શિહોરી ખાતે સામુહિક આરોગ્ય કેન્દ્રમાં બ્લોક ઓફિસર વ્યાસ તથા મામલતદાર કાંકરેજ સજ્જનસિંહ




ચૌહાણ અને સીએચસી શિહોરીના સુપ્રિટેન્ડન ડી.એન. પરમાર, ભારતસિંહ ભટેસરીયા ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

જેમાં શિહોરી સામુહિક આરોગ્ય કેન્દ્રમાં ચાર ડિલીવરી થવા પામી હતી. જેમાં બે મહિલાને બાબાનો જન્મ થયો હતો અને બે માતાઓને કુખે બે દિકરીઓ અવતરી હતી. જેથી 'નન્હી પરી અવતરણ' ગુજરાત સરકાર દ્વારા તા. ૮-૩-૨૦૧૮ના રોજ નન્હી પરી અવતરણ યોજના અંતર્ગત રાતના ૧૨ થી ૧૧.૫૯ સુધી જન્મેલ દિકરીને સરકાર તરફથી પાંચ ગ્રામ ચાંદિનો સિક્કો અને મમતા કિટ સાથે મીઠાઈનું પેકેટ અને ગુલાબનું ફુલ આપી દિકરીનું સન્માન કરવામાં આવ્યું હતું. જેમાં કાંકરેજ બ્લોક ઓફિસર અને બનાસકાંઠા જિલ્લા મહામંત્રી ભારતસિંહ ભટેસરીયાએ સરકારની આ યોજનાને ખુબ ખુબ અભિનંદન પાઠવ્યા હતા.




## પ્રાંતિજ સર્જન ફાઉન્ડેશન દ્વારા મહિલા દિનની ઉજવણી

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ ખાતે સર્જન ફાઉન્ડેશન દ્વારા મહિલા દિનની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં પ્રાંતિજ સહિત આજુબાજુમાંથી મહિલાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી હતી.

પ્રાંતિજ લાલ દરવાજા ખાતે આવેલ સર્જન ફાઉન્ડેશન દ્વારા પ્રાંતિજ તથા આજુબાજુના ગામોમાં રહેતી મહિલાઓને રોજગારી અને સરકાર દ્વારા ચાલતી સેવાઓનો લાભ મળે તે હેતુથી મહિલા દિન નિમિત્તે સર્જન ફાઉન્ડેશન ખાતે મહિલા દિનની ઉજવણીના ભાગરૂપે આવેલ મહિલાઓને વિવિધ યોજનાઓ વિષે સર્જન ફાઉન્ડેશન પ્રાંતિજના પ્રોજેકટ ઓફિસર અશોકભાઈ પરમાર દ્વારા આવેલ મહિલાઓને માર્ગદર્શન પુરું પાડી સરકારી ચાલતી સ્કીમો વિશે માહીતગાર કર્યા હતાં. શિવણવર્ગના તાલીમાર્થી યાસમીન મારફતીયા તેમજ બ્યુટીપાર્લરના તાલીમાર્થી નેહા ભટ્ટ દ્વારા પણ ઉપસ્થિત બહેનોને માર્ગદર્શન પુરું પાડયું હતું. આ પ્રસંગે ઉપસ્થિત નગરપાલિકા પ્રમુખ ગીતાબેન પટેલ, ઉપપ્રમુખ નયનભાઈ દેસાઈ, મીકોના આચાર્ય કોમલબેન પટેલ તથા સંસ્થાના સ્ટ્રીટ શરદભાઈ પરીખ ઉપસ્થિત રહ્યાં હતાં. ઉપસ્થિત મહેમાનોના હસ્તે તાલિમાર્થી મહિલાઓને સર્ટીફીકેટ એનાયત કરવામાં આવ્યાં હતાં. બાળવાડીના સવિતાબેન, સમિષ્ઠાબેન, કુમુદબેન તેમજ અરવિદસિહ ચોહાણ દ્વારા નોંધનીય કામગીરી કરવામાં આવી હતી. મોટી સંખ્યામાં મહિલાઓની ઉપસ્થિતિ જોવા મળી હતી.

# પ્રાંતિજ નગરપાલિકા આરોગ્ય વિભાગ દ્વારા પ્રમુખ ઉપપ્રમુખનો સ્વાગત કાર્યક્રમ યોજાયો

પ્રાંતિજ, તા. ૯

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ નગરપાલિકા આરોગ્ય વિભાગ દ્વારા નગરપાલિકાની ચૂંટણી બાદ નવા બનાયેલા પ્રમુખ ઉપપ્રમુખનો સ્વાગત કાર્યક્રમ યોજાયો હતો. જેમાં આરોગ્ય વિભાગની ટીમ સહિત સફાઈ કામદારો ઉપસ્થિત રહ્યાં હતા.

પ્રાંતિજ નગરપાલિકાની ચૂંટણી બાદ પ્રાંતિજ નગરપાલિકામાં નવા પ્રમુખ ઉપપ્રમુખની વરણી સર્વાણુમત્તે યોજાઈ હતી. પ્રાંતિજ આરોગ્ય વિભાગ દ્વારા પાલિકા નવા વરાયેલા મહિલા પ્રમુખ તથા ઉપપ્રમુખનો સ્વાગત કાર્યક્રમ નગરપાલિકાના હોલ ખાતે રાખવામાં આવ્યો હતો, જેમાં પ્રાંતિજ નગરપાલિકાના નવા મહિલા પ્રમુખ ગીતાબેન સંજયભાઈ પટેલનુ મહિલા સફાઈ કામદાર શારદાબેન દ્વારા કરવામાં આવ્યું હતું. ઉપપ્રમુખ નયનભાઈ દેસાઈનું સ્વાગત પાલિકાના એસઆઈ અમૃતભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે આરોગ્યલક્ષી સુવિધાઓ તથા આરોગ્યલક્ષી પ્રશ્નોની ચર્ચાઓ યોજાઈ હતી. સફાઈ કામદારોના પગાર તથા કાયમી અંગેની ચર્ચાઓ પણ યોજાઈ હતીય આ પ્રસંગે આરોગ્ય વિભાગ ટીમના પિયાશંભાઈ પટેલ, નૈમેષભાઈ રાવલ, અમૃતભાઈ પટેલ તથા ફાયર ટીમના મુકેશભાઈ, ગોપાલભાઈ સહિતનો સ્ટાફ ઉપસ્થિત રહી નવા વરાયેલા પ્રમુખ ઉપપ્રમુખનો સ્વાગત કાર્યક્રમ યોજાયો હતો. જેમાં આરોગ્ય વિભાગના સ્ટાફ સહિત સફાઈ કામદારો પણ ઉપસ્થિત રહ્યાં હતા.

# ધાનેરા અને થરાદ પોલીસે દારૂ ભરેલી ત્રણ ગાડી ઝડપી

બનાસકાંઠા જિલ્લા ની ધાનેરા અને થરાદ પોલીસે જુદી જુદી જગ્યાએથી દારૂ ભરેલી ત્રણ ગાડીઓ સાથે ૫ ઈસમોની અટકાયત કરી છે તો ૧૦ લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસર ની કાર્યવાહી હાથ ધરી છે. એક તરફ ગુજરાત માં દારૂબંધીનો કડક અમલ થાય તે માટે ગુજરાત પોલીસ રાત દિવસ મહેનત કરી રહી છે તો બીજી તરફ બુટલેગરો પણ ગુજરાતમાં દારૂ ઘુસાડવા પછી પાની નથી કરતા અને આવ નવા કીમિયા અપનાવી ગુજરાત માં દારૂ ઘુસાડી રહ્યં છે ત્યારે બનાસકાંઠા જિલ્લાની ધાનેરા અને થરાદ પોલીસે દારૂ ભરેલી ત્રણ ગાડીઓ સાથે પાંચ વ્યક્તિ ની અટકાયત કરી છે. ૧૦ લાખ કરતા પણ વધુ નો મુદમાલ જપ્ત કર્યો છે.

## મોડાસામાં સરકારી બિલ્ડીંગ નિર્માણમાં માટી પુરાણ માટે

# ખાનગી કોન્ટ્રાકટરે ગૌચરને તળાવમાં ફેરવતા ઉગ્ર રોષ

મોડાસા, તા. ૯

અરવલ્લી જીલ્લાના મુખ્યમથક મોડાસા શહેરમાં નવનિર્માણ થઈ રહેલી સરકારી ઈમારત માટે કોન્ટ્રાકટ મેળવનાર કોન્ટ્રાકટરે



મહાદેવગ્રામ(બાકરોલ) પંચાયત હદ વિસ્તારના માલવણ-કેશાપુર ગામના ચેકડેમ અને તળાવ ઉંડા કરવાની મંજૂરી સાથે ચેકડેમ અને તળાવમાંથી માટી ઉપાડવાની સિંચાઈ વિભાગ દ્વારા મંજૂરી આપવમાં આવી હતી પરંતુ કોન્ટ્રાક્ટરે તળાવ અને ચેકડેમ સાથે ગામના ગૌચરને ગેરકાયદેસર મોટે પાયે ખોદી નાખી તળાવમાં ફેરવી દઈ અબોલ પશુઓ માટે ચારવામાં માટેનું ગૌચર નેસ્ત નાબૂદ કરી દેતા લોકોમાં ભારે રોષ ફેલાયો હતો. જીલ્લા ખાણ ખનીજ વિભાગની આંખ નીચે આખેઆખું ગૌચર ખોદી નખાતા અધિકારીઓની પણ મીલીભગત હોવાની કે પછી રાજકીય દબાણવશ હજ્જારો ટન માટી ગૌચરમાંથી ઉલેચવા દીધી એ લોકોમાં યક્ષ પ્રશ્ન બન્યો છે.

આધારભૂત સૂત્રોના જણાવ્યા અનુસાર અરવલ્લી જીલ્લા ખાણ ખનીજ વિભાગની નિષ્ક્રિયતા કે ઉદારતાના પગલે કે પછી ખનીજચોરો સાથે મીલીભગતનો લાભ જિલ્લાના ખનીજ ચોરો લઈ રહ્યા હોય તેમ જિલ્લામાંથી મોટેપાયે ગેરકાયદેસર રોયલ્ટી પાસ વગર કે રોયલ્ટી પાસથી અનેક ગણી વધારે ખનીજની ચોરી કરવામાં આવી રહી છે. મોડાસા શહેરમાં માર્ગ અને મકાન વિભાગ હસ્તકની એક નવનિર્માણ પામી રહેલી બિલ્ડિંગમાં માટી પુરાણ માટે નિર્માણ કરનાર કોન્ટ્રાક્ટરે સિંચાઈ વિભાગમાંથી ચેકડેમ અને તળાવ ઉંડા કરવાનો મંજૂરી પત્ર મેળવી માટી ઉલેચવાની કામગીરી શરુ કરતા ગ્રામજનોમાં ભારે વિરોધ પેદા થતા ગ્રામસભામાં વિરોધ થતા સિંચાઈ વિભાગે મંજૂરી રદ કરતા કોન્ટ્રાક્ટરે માલવણ-કેશાપુર ગામના ગૌચરમાંથી ગેરકાયદેસર માટી ઉલેચવાની શરુ કરતા ગૌચરને કોન્ટ્રાકટરે નેસ્તનાબૂદ કરી દઈ તળાવમાં ફેરવી દેવા છતાં ગ્રામજનોના વિરોધ વચ્ચે સરપંચ અને તલાટીએ અગમ્ય કારણોસર સાધેલી ચુપકીદીથી બંને ગામના અબોલ પશુઓ ને ચારવા માટે ગૌચર કોન્ટ્રાક્ટર ચરી જતા પ્રજાજનોમાં ભારે રોષ ફેલાયો હતો. આ અંગે પર્યાવરણ બચાવો માટે કામકાજ કરતા વ્યક્તિએ ગુજરાત મુખ્યમંત્રીને ઓનલાઈન અરજી કરવામાં આવી હતી અને દિલ્હી વડાપ્રધાન કાર્યાલયમાં પણ અરજી કરવાની તૈયારી હાથ ધરવામાં આવતા ચકચાર મચી છે.



અરવલ્લી જીલ્લા ખાણ ખનીજ વિભાગની નિષ્ક્રિયતાના પગલે જિલ્લામાંથી મોટાપાયે નદીઓ સરકારી પડતર જમીનો, તળાવો અને ગૌચરમાંથી મોટાપાયે ખનીજ અને માટીની ચોરી કરી બેફામ બની ગયા છે. જીલ્લાના માર્ગો પરથી રોજના ૫૦૦ થી વધુ ટ્રક અને ટક્કર દ્વારા રોયલ્ટી પાસ કરતા અનેકગણું વધુ ખનિજભરી અને રોયલ્ટી પાસ વગર જાહેરમાર્ગો પરથી ખુલ્લેઆમ વહન થઈ રહ્યું હોવાનું લોક મુખે ચર્ચાઈ રહ્યું છે. ખાણ ખનીજ વિભાગ દ્વારા સમય અંતરે બે ચાર ટ્રકો ઓવરલોડ ખનીજ ભરેલી ટ્રકો પકડી દંડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવતી હોવાનો ડોળ કરવામાં આવે છે. જીલ્લા ખાણ ખનીજ વિભાગ દ્વારા ખનીજ કે માટી ઉલેચવા અપાયેલી જમીન કે ડુંગરમાંથી અનેકગણું વધારે ખનીજ માફિયાઓ ખનીજ ચોરી કરી બેફામ બનતા સરકારી તિજોરીને લાખ્ખો રૂપિયાનું નુકશાન સહન કરવું પડે છે. ત્યારે કુંભકર્ણની નિદ્રામાં પોઢતુ તંત્ર સફળ જાગી ખનીજ માફિયાઓ સામે લાલ આંખ કરે તે ખુબ જરૂરી બન્યું છે. અરવલ્લી જીલ્લા કલેક્ટર શાલિની અગ્રવાલ દ્વારા ખાણ ખનીજ વિભાગની કામગીરી અંગે તપાસ હાથ ધરવામાં આવે તો જ જીલ્લા ખાણ ખનીજ વિભાગ આળસ ખંખેરશે તેવું લોકોનું માનવું છે.